## રાજ્યમાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ

* **૧૫/૩/૧૫૩**: શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ઉધ્ધોગોના પાણી પ્રદુષણના નિયંત્રણ માટે શી વ્યવસ્થા કરેલ છે, | (૧) | રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ માટે સતત પ્રયત્નશીલ છે અને પાણીના પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ઘણા પગલાં લેવાઈ રહ્યા છે.<br><br>નાના ઉધ્ધોગો દ્વારા ઉત્પન્ન થતા ઓધ્ધૌગિક પાણીના ટ્રીટમેન્ટ તથા નિકાલ માટે સંયુક્ત શુધ્ધીકરણ પ્લાન્ટ્સ (કોમન એફ્લુએંટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ– સીઇટીપી)ની સ્થાપના કરવામાં આવી છે.<br><br>રાજ્યમાં કુલ ૪૧ જેટલા સીઇટીપી આવેલા છે અને આશરે ૮૧૯ એમએલડીની ક્ષમતા સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રાજ્ય છે.<br><br>વધુમાં ઉધ્ધોગોનુ નિયમાનુસાર મોનીટરીંગ પણ કરવામાં આવે છે અને કસુરવાર ઉધ્ધોગો સામે જોગવાઇ અનુસાર કાર્યવાહી પણ કરવામાં આવે છે.<br><br>આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ટ્રીટેડ વેસ્ટવોટરના રીયુઝ – રીસાઈકલ માટે પણ સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત એ સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે જેણે ટ્રીટેડ સુએજના રીયુઝ – રીસાઈકલ માટે નીતિ બનાવી છે. |
| (૨) | રાજ્યમાં ઉક્ત સ્થિતિએ ગંદા પાણીના શુધ્ધિકરણ માટે સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ (CETP)ની સંખ્યા કેટલી છે, અને | (૨) | રાજ્યમાં ઉક્ત સ્થિતિએ ગંદા પાણીના શુદ્ધિકરણ માટે સામુહિક શુદ્ધિકરણ પ્લાન્ટ (CETP) ની સંખ્યા ૪૧ છે. |
| (૩) | ઉક્ત સંખ્યામાં વધારો કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે? | (૩) | હાલના ૪૧ કાર્યરત ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી, ૭ સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટમાં તેઓની હાલની ક્ષમતામાં વધારો કરવાની દરખાસ્ત છે તેમજ નવા ૧૭ સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ સ્થાપના હેઠળ છે. |

.........................................................................................................................